# India's first 'Green Technology' CS2 production plants initiation ceremony in Dahej, Gujarat

INDOFIL Industries ties-up with Shanghai Baijin, China to produce CS2 in Gujarat

## ગુજરાત દહેજમાં ભારતના સૌપ્રથમ ગ્રીન એનર્જી સીએસટુ ઉત્પાદન એકમનો શિલાન્યાસ

### ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝે ગુજરાતમાં સીએસટુના ઉત્પાદન માટે શાંઘાઈ બૈજિન, ચીન સાથે જોડાણ કર્યું

ભરૂચ, તા.૨૩

ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર તથા કે કે મોદી ગ્રુપના ચેરમેન કે.કે.મોદીએ આજે ગુજરાતના દહેજમાં તેના અત્યાધુનિક ગ્રીન એનર્જી સીએસટુ ઉત્પાદન એકમની જાહેરાત કરી હતી. ઈન્ડોફિલે ઈન્ડો બૈજિન કેમિકલ્સ પ્રા.લી.માં ૫૧:૪૯ ની ભાગીદારી મારફત સીએસટુ ના ઉત્પાદન માટે ચીનની શાંઘાઈ બૈજિન કેમિકલ ગ્રુપ (એસબીસી) સાથે સિમાચિહ્નરૂપ સંયુક્ત સાહસ શરૂ કર્યું છે. અંદાજે ચાર કરોડ ડોલરનો પ્લાન્ટ સીએસટુ ઉત્પાદન માટે ઈકો-ફ્રેન્ડલી ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશનો સૌપ્રથમ પ્લાન્ટ હશે.

આ પ્રસંગે કે.કે.મોદીએ જણાવ્યું હતુ કે, હાલમાં ભારતના ૮૦ ટકા સીએસટુની વિશ્વના વિવિધ ભાગોમાંથી આયાત થાય છે. મને આશા છે કે આ એકમ આ આયતોનો વિકલ્પ બની શકશે. ઈન્ડોફિલ ખૂબ જ ઝડપથી વિકાસ કરી રહી છે. તેનુ વેચાણ છેલ્લા ચાર વર્ષમાં બમણું થઈ ગયું છે. અને તે વર્તમાન વૃદ્ધિદર જાળવી રાખવા માંગે છે.સીએસટુ ઉત્પાદનમાં વિસ્તરણ આ ઝડપી વૃદ્ધિનો એક ભાગ છે. ઉત્પાદનમાં ઈકો ફ્રેન્ડલી ટેકનોલોજી અપનાવીને ઈન્ડોફિલ ટકાઉ અને સક્ષમ વિકાસ માટે રસાયણ ઉદ્યોગમાં એક ઉદાહરણ સ્થાપિત કરશે. આ સાથે ઈન્ડોફિલ વર્ષ ૨૦૧૩ ની મધ્ય સુધીમાં ગુજરાતમાં અંદાજે રૂ.૩૫૦ કરોડનું રોકાણ પુર્ણ કરશે. ઈન્ડોફિલ વધુ બે સ્થળોની ખરીદી કરવાની યોજના ધરાવે છે. જયાં કંપની એગ્રોકેમિકલ્સ સીન્થેસીસ અને સ્પેશ્યિાલીટી કેમિકલ્સ માટે ઉત્પાદન સુવિધા સ્થાપશે.ઈન્ડોફિલનું કુલ રોકાણ આગામી ૩-૪ વર્ષમાં રૂ.૫૦૦ કરોડથી વધુ થઈ જશે. પરિણામે રાજયમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મોટાપાયે રોજગારીનું સર્જન થશે તેમજ દહેજની આસપાસ અનેક વેન્ડર્સ પણ તેમના એકમો સ્થાપશે. તેમ આર.કે.મલહોત્રાએ જણાવ્યું હતુ.

**Dahej:** Mr. R. K. Malhotra, CEO & Mr. K. K. Modi, Chairman & Managing Director Indofil Industries today conducted the initiation ceremony of their latest green technology CS2 production plant in Dahej. Indofil has entered into a landmark joint venture with Shanghai Baijin Chemical Group (SBC), China for CS2 manufacturing through a 51:49 partnership in INDO BAIJIN CHEMICALS PVT. LTD. The approximate $40 million plant would be the first in the country to use eco-friendly technology for CS2 production.

Speaking at the event, Mr. K. K. Modi said "At present, 80% of India's CS2 is imported from various parts of the world; this unit would substitute for some of these imports. Indofil is evolving rapidly; its sales have doubled in the past 4 years and it is set to maintain the current growth. Expansion in CS2 production is part of this rapid growth. By adopting eco-friendly technology in production, Indofil will set an example in the chemical industry for sustainable development."

"With this Indofil will complete an investment of approximately Rs.350 Cr in Gujarat by Mid 2013. Indofil has also acquired two more sites where it plans to set up manufacturing facilities for Agrochemicals Synthesis and Specialty Chemicals. Indofil's total investment in Gujarat will reach over Rs.500 Cr. in the next 3-4 years. This will generate large employment directly & indirectly as many vendors have also set up their units around Dahej" concluded Mr. R. K. Malhotra.